# ભારતમાં પણ ‘મિલિટરી ફેમિલી’ની ઉજળી પરંપરા છે



ડેવ વેલ્સ, મેજર સોમનાથ શર્મા, લેફ્ટનન્ટ કર્નલ અરદેશર બરજોરજી તારાપોર અને બીજા ઘણા બધા... આ યાદી હજી પણ ઘણી લાંબી થઈ શકે. પહેલી નજરે આ યાદીમાં આપેલાં નામ પરસ્પર કોઈ પ્રત્યક્ષ સંબંધ વગરનાં લાગે, પણ મુખ્યત્વે બે બાબતો થકી આ બધાં જ નામ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલાં છે. એક, આ બધા જ લશ્કરી અધિકારીઓ છે અને બે, લશ્કરમાં સેવાઓ આપવી એ આ લોકો માટે તેમની ઉજળી કૌટુંબિક પરંપરા રહી છે.

હકીકતે, હમણાં એક સમાચાર ધ્યાનમાં આવ્યા હતા કે ડેવ વેલ્સ ઓસ્ટ્રેલિયન ડિફેન્સ ફોર્સ અને ઓસ્ટ્રેલિયન પબ્લિક સર્વિસ (જેમ ભારતમાં ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ છે, તેમ ઓસ્ટ્રેલિયામાં ઓસ્ટ્રેલિયન પબ્લિક સર્વિસ છે)માં આશરે 40 વર્ષ સુધી સેવાઓ આપ્યા પછી નિવૃત્ત થયા છે. 1986માં તેઓ ઓસ્ટ્રેલિયન ડિફેન્સ ફોર્સમાં ભરતી થયા પછી લાંબા સમય સુધી ઓસ્ટ્રેલિયન લશ્કરમાં સેવાઓ આપ્યા બાદ ઓસ્ટ્રેલિયન પબ્લિક સર્વિસમાં જોડાયા હતા. જોકે ‘વન્સ અ સોલ્જર, ઓલ્વેઝ અ સોલ્જર’ને ન્યાય આપતાં તેઓ અહીં પણ ઓસ્ટ્રેલિયાના લશ્કરની સિવિલ વિંગનો જ હિસ્સો રહ્યા. આખરે 40 વર્ષની આ બંને ક્ષેત્રોની લાંબી કારકિર્દી બાદ તેઓ તાજેતરમાં સેવાનિવૃત્ત થયા છે. ડેવ વેલ્સના દાદા અને પિતા બંને પણ ઓસ્ટ્રેલિયન લશ્કર સાથે સંકળાયેલા રહ્યા હતા. ડેવ વેલ્સના પિતા ઓસ્ટ્રેલિયન આર્મીમાં કમાન્ડો હતા. એટલે ડેવ વેલ્સ એક લાંબી પરંપરા નિભાવીને સેવાનિવૃત્ત થયા એમ કહી શકાય. આ ઓસ્ટ્રેલિયન અધિકારીના તાજા કિસ્સા પરથી આ જ સંદર્ભે ભારતની પણ લાંબી અને ઉજળી એવી મિલિટરી ફેમિલીની પરંપરા સ્વાભાવિક રીતે સાંભરી આવી. આજે તેની જ વાત વિગતે કરવી છે.

મિલિટરી ફેમિલીની ભારતની ઉજળી પરંપરાની વાત માંડીએ ત્યારે આઝાદ ભારતનો લશ્કરી ઈતિહાસ તપાસતાં જે સૌથી પહેલું નામ અને કુટુંબ યાદ આવે તે છે મેજર સોમનાથ શર્મા અને તેમનું કુટુંબ. હા, એ જ મેજર સોમનાથ શર્મા, જેમને 1947-48ના પહેલા ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન જમ્મુ-કાશ્મીરના બડગામના મોરચે અસાધારણ વીરતા અને અસામાન્ય નેતૃત્વ દાખવીને શહીદી વહોરવા બદલ મરણોપરાંત પરમવીર ચક્ર એનાયત થયું હતું. મેજર સોમનાથ શર્મા ભારતના પ્રથમ પરમવીર ચક્ર વિજેતા હતા.

પસાર થતા સમયની સાથે મેજર સોમનાથ શર્મા જ તેમના ફેમિલીની જાણીતી ઓળખનો પર્યાય બની રહ્યા, પણ તેના જ કારણે તેમના ફેમિલી વિશેની એ હકીકત પ્રમાણમાં ઓછી જાણીતી રહી કે મેજર સોમનાથ શર્માના પિતા મેજર જનરલ અમરનાથ શર્મા, બંને ભાઈઓ અનુક્રમે લેફ્ટનન્ટ જનરલ સુરિન્દરનાથ શર્મા અને જનરલ વિશ્વનાથ શર્મા પણ ભારતીય લશ્કરમાં સેવા આપી ચૂક્યા છે. 1988થી 1990 દરમિયાન ઈન્ડિયન આર્મીના 14મા આર્મી ચીફ રહી ચૂકેલા જનરલ વિશ્વનાથ શર્માએ તો તાજેતરમાં જ આપણી વચ્ચેથી વિદાય લીધી. એ જ રીતે લેફ્ટનન્ટ જનરલ સુરિન્દરનાથ શર્મા ઈન્ડિયન આર્મીની એન્જિનિયર કોર્પ્સના એન્જિનિયર-ઈન-ચીફ તરીકે સેવાનિવૃત્ત થયા હતા.

એ જ રીતે લેફ્ટનન્ટ કર્નલ અરદેશર બરજોરજી તારાપોર અને તેમના ફેમિલીની કહાની પણ કંઈક આવી જ છે. 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન 11 સપ્ટેમ્બર, 1965ના રોજ પાકિસ્તાનના સિયાલકોટ સેક્ટરમાં ફિલોરાના મોરચે પૂના હોર્સ ટેન્ક









રેજિમેન્ટે સામે ચાલીને કરેલા આક્રમણ પછી આ મોરચે ખેલાયેલા તુમુલ ટેન્ક સંગ્રામ દરમિયાન શહીદ થનારા લેફ્ટનન્ટ કર્નલ અરદેશર બરજોરજી તારાપોર પણ મરણોપરાંત પરમવીર ચક્ર વિજેતા બન્યા હતા.

તેમના કુટુંબમાં પણ ઉજ્જવળ લશ્કરી

**લાંબી લશ્કરી સેવાઓની પરંપરા નિભાવવા દરમિયાન શેઠ ફેમિલીએ ભારતીય લશ્કરને બદલાતા સમય મુજબનું આધુનિક દૃષ્ટિકોણ ધરાવતું, છતાં ભારતીય લશ્કરના પરંપરાગત મૂલ્યો સાથે સુમેળ સાધતું મહત્ત્વપૂર્ણ અને ચાવીરૂપ નેતૃત્વ પૂરું પાડ્યું છે**

પરંપરા રહી હતી. તેમના વડવાઓ છત્રપતિ શિવાજીના લશ્કરમાં મહત્ત્વપૂર્ણ પદો પર રહ્યા હતા. એ ઉપરાંત તેમના દાદા અને પિતા હૈદરાબાદના નિઝામના કસ્ટમ અને એક્સાઈઝ વિભાગમાં કામ કરી ચૂક્યા હતા. એ ઉપરાંત લેફ્ટનન્ટ કર્નલ અરદેશર બરજોરજી તારાપોર પણ 1942થી 1951 દરમિયાન હૈદરાબાદના નિઝામના લશ્કરમાં સેવાઓ આપી ચૂક્યા હતા.

વેલ, આ તો થઈ આપણા લશ્કરી ઈતિહાસની વાત, પણ હવે આ જ સંદર્ભે જરા વર્તમાન સમયની વાત પણ કરીએ. ભારતના વર્તમાન આર્મી ચીફ જનરલ ધીરજ શેઠના ફેમિલીમાં પણ પેઢી દર પેઢીની લશ્કરી સેવાઓની પરંપરા ચાલી આવે છે. આ લાંબી લશ્કરી સેવાઓની પરંપરા નિભાવવા દરમિયાન શેઠ ફેમિલીએ ભારતીય લશ્કરને બદલાતા સમય મુજબનું આધુનિક દૃષ્ટિકોણ ધરાવતું, છતાં ભારતીય લશ્કરના પરંપરાગત મૂલ્યો સાથે સુમેળ સાધતું મહત્ત્વપૂર્ણ અને ચાવીરૂપ નેતૃત્વ પૂરું પાડ્યું છે.

કારગિલ વૉરના અનેક હીરોમાંના એક એવા પરમવીર ચક્ર વિજેતા શહીદ કેપ્ટન વિક્રમ બત્રા લશ્કરી કારકિર્દી અપનાવનાર તેમના ફેમિલીના એકમાત્ર સભ્ય હોવા છતાં આજે તેઓ દેશભરમાં માત્ર તેમના ફેમિલીની ઓળખના જ નહીં, બલકે વીરતાના પર્યાય તરીકે ફેમસ થઈ ચૂક્યા છે. કારગિલ વૉરના અન્ય એક શહીદ લશ્કરી અધિકારી કેપ્ટન વિજયંત થાપરના ફેમિલીની પણ લશ્કરી સેવાની લાંબી અને ઉજ્જવળ પરંપરા છે. આ ઉપરાંત આ યાદીમાં લેફ્ટનન્ટ જનરલ એચ. એસ. પનાગ અને મેજર શેરગિલ જેવા નોંધપાત્ર લશ્કરી અધિકારીઓ આપનાર પનાગ ફેમિલીનો પણ સમાવેશ થાય છે. એ સાથે આ યાદીમાં સિંહ ફેમિલી (Singh Family)નો ઉલ્લેખ પણ કરવો પડે. આ ફેમિલીની પાંચ પેઢી ભારતીય લશ્કરની સેવામાં રહી છે. આ સંદર્ભે આ લશ્કરી ફેમિલીના નોંધપાત્ર સભ્યોમાં સિપાઈ ક્રિપાલસિંહ, સૂબેદાર અજમેરસિંહ, બ્રિગેડિયર હરવંતસિંહ, કર્નલ હરવિંદરપાલસિંહ અને લેફ્ટનન્ટ સરતાજસિંહનો સમાવેશ થાય છે.

આ સંદર્ભે આ યાદીમાં કરિઅપ્પા ફેમિલીને તો કેમ ભૂલાય? આ ફેમિલીના બે નોંધપાત્ર સભ્યો કમાન્ડર-ઈન-ચીફ અને સમય જતાં દેશના બીજા ફીલ્ડ માર્શલ બનેલા કે. એમ. કરિઅપ્પા તથા એર માર્શલ ક્રિશ્નાસ્વામી કરિઅપ્પા આપણા દેશના લશ્કરી ઈતિહાસની એવી નોંધપાત્ર પિતા-પુત્રની જોડી છે, જે અનુક્રમે ઈન્ડિયન આર્મી અને ઈન્ડિયન એરફોર્સમાં પોતપોતાના સમયમાં ઊંચી રેન્ક સુધી પહોંચી હતી. 1949માં કે. એમ. કરિઅપ્પા આઝાદ ભારતના પ્રથમ ભારતીય કમાન્ડર-ઈન-ચીફ બન્યા અને પસાર થતા સમયની સાથે વર્ષો પછી દેશના બીજા ફીલ્ડ માર્શલ પણ બન્યા. એ જ રીતે તેમના પુત્ર ક્રિશ્નાસ્વામી કરિઅપ્પા સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ તરીકે સેવાનિવૃત્ત થયા હતા.

ટૂંકમાં, એમ કહી શકાય કે ભારતમાં પણ ‘મિલિટરી ફેમિલી’ની ઉજળી પરંપરા પ્રવર્તતી જ રહી છે. પેઢી દર પેઢી દેશની સશસ્ત્ર સેનાઓમાં સેવા આપનારા આવા પરિવારો માત્ર પોતાના પરિવારની પરંપરાને જ આગળ ધપાવતા નથી, પરંતુ દેશની સુરક્ષા, શૌર્ય અને સેવાની પરંપરાને પણ સતત મજબૂત બનાવતા રહ્યા છે.



# ઈમરાનને સફળતા મળી પણ સનીની ફિલ્મ વધારે યાદગાર બની રહેશે?



સલમાન ખાનનો વિદેશી ફિલ્મ ‘7 ડોગ્સ’કરવાનો પ્રયોગ સફળ રહ્યો નથી. સલમાનનો ગ્લોબલ સ્તરનો આ પ્રયોગ અને કેમિયો સોશિયલ મીડિયા પૂરતો હિટ રહ્યો, પણ ભારતમાં કમાણીની દ્રષ્ટિએ સરેરાશથી ઘણો નબળો સાબિત થયો છે. સલમાન અને સંજય દત્તને મહેમાન ભૂમિકામાં ચમકાવતી ‘7 ડોગ્સ’ને પહેલા દિવસે માત્ર રૂ.7 લાખ મળ્યા છે. આ સાઉદી અરેબિયન એક્શન થ્રિલરનું નિર્દેશન ‘બેડ બોયઝ’ફેમ આદિલ અને બિલાલ દ્વારા કરાયું છે અને મોનિકા બેલુચી જેવા મોટા નામ જોડાયેલા છે. તેમ છતાં મોટા સ્કેલ અને આંતરરાષ્ટ્રીય વિષયવસ્તુ પ્રત્યે ભારતીય સિનેમાપ્રેમીઓમાં ખાસ ક્રેઝ કે ટિકિટબારી પર ગરમી જોવા મળી નથી. ફિલ્મના પ્રમોશનમાં સલમાન અને સંજયનો મોટો ચહેરો વાપરવામાં આવ્યો હતો. પરંતુ દર્શકોને ખબર પડી ગઈ કે આ બંને માત્ર કેમિયો માં જ છે અને મૂળ હીરો ઈજિપ્તના કલાકારો છે. સલમાને હિન્દી સિનેમા છોડવાની જરૂર નથી પણ હિન્દી હોય કે આંતરરાષ્ટ્રીય હવે ‘માસ એન્ટરટેઈનર’ના નામે નબળી વાર્તાઓ સ્વીકારવાનું બંધ કરીને દર્શકોને મજબૂત કન્ટેન્ટ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કેમકે ઈમરાન હાશમી જેવા હીરો તેની ફિલ્મના રેકોર્ડ તોડી રહ્યા છે.

**એક તરફ મનોરંજન અને આક્રમક શૈલીના જોરે કમાણીના નવા વિક્રમો સર્જાયા છે, તો બીજી તરફ વિભાજનની દર્દનાક પૃષ્ઠભૂમિ પર આધારિત એક સંવેદનશીલ વાર્તાએ દર્શકોના દિલમાં અલગ સ્થાન બનાવ્યું છે**

ઈમરાનની ‘આવારાપન 2’ફિલ્મે સ્વતંત્રતા દિવસે સૌથી વધુ કમાણી કરવાનો સલમાનની ‘એક થા ટાઈગર’નો વર્ષો જૂનો વિક્રમ પાછળ છોડી દીધો હતો. જે કામ સનીની એની સાથે રજૂ થયેલી ‘બંટવારા ૧૯૪૭’ પણ કરી શકી નથી. બોલીવૂડના ઈતિહાસમાં બોક્સ ઓફિસ પર બે મોટી ફિલ્મોની ટક્કર થવી એ કોઈ નવી વાત નથી, પરંતુ જ્યારે બે સાવ વિપરીત વિષયવસ્તુ અને વિભિન્ન શૈલી ધરાવતી ફિલ્મો સામસામે આવે ત્યારે દર્શકો અને વિવેચકોનું ધ્યાન તેમના કમાણીના આંકડા અને તેમની ગુણવત્તા પર કેન્દ્રિત થાય છે. તાજેતરમાં ઈમરાનની બહુચર્ચિત ફિલ્મ ‘આવારાપન 2’ અને સની દેઓલની ભાવનાત્મક ફિલ્મ ‘બંટવારા ૧૯૪૭’ વચ્ચે રસપ્રદ ટક્કર જોવા મળી હતી. એકતરફ મનોરંજન અને આક્રમક શૈલીના જોરે કમાણીના નવા વિક્રમો સર્જાયા છે, તો બીજી તરફ વિભાજનની દર્દનાક પૃષ્ઠભૂમિ પર આધારિત એક સંવેદનશીલ વાર્તાએ દર્શકોના દિલમાં અલગ સ્થાન બનાવ્યું છે. આ બે ફિલ્મોની સરખામણી માત્ર બોક્સ ઓફિસના ગણિત પૂરતી સીમિત નથી, તે ભારતીય સિનેમાના બદલાતા પ્રવાહ અને દર્શકોની પસંદગીનો પણ એક મોટો સંકેત આપે છે.

ઈમરાન માટે ‘આવારાપન 2’ સમગ્ર કારકિર્દીની એકલ નાયક તરીકેની સૌથી મોટી પ્રથમ દિવસની સફળતા સાબિત થઈ છે. ફિલ્મે પ્રથમ જ દિવસે રૂ.23.40 કરોડની કમાણી કરીને મોટો ધમાકો કર્યો હતો. રસપ્રદ વાત એ છે કે 2007માં રજૂ થયેલી તેની મૂળ ‘આવારાપન’ આખી પ્રદર્શન યાત્રા દરમિયાન આટલી કમાણી કરી શકી હતી. સ્વતંત્રતા દિવસની રજાનો લાભ ઉઠાવીને ફિલ્મે બીજા દિવસે રૂ.34 કરોડ મેળવ્યા હતા. જોકે, ફિલ્મ નિષ્ણાતો અને સમીક્ષકોનું માનવું છે કે માત્ર એક ફિલ્મની આટલી મોટી કમાણીથી કોઈ કલાકારનું કાયમી સ્થાન કે નાયક તરીકેનું પ્રભુત્વ નક્કી થઈ જતું નથી. ‘આવારાપન 2’ની આ જીત એ મૂળ ફિલ્મ પ્રત્યેના જૂના લગાવ, ઈમરાન હાશ્મીના સમર્થક વર્ગ અને ફિલ્મની રોમાંચક વિષયવસ્તુનો સમન્વય છે. ‘આવારાપન’પોતાના કાળખંડમાં એક કલ્ટ કલાત્મક કૃતિ ગણાતી હતી અને તેના સંગીત તથા ‘શિવમ’ના પાત્ર માટે દર્શકો લાંબા સમયથી નવી કડીની રાહ જોઈ રહ્યા હતા. નવી ફિલ્મમાં ‘શિવમ’ માત્ર એક હૃદયભંગ થયેલો પ્રેમી નથી, પરંતુ એક આક્રમક અને ખતરનાક શક્તિ બનીને પડદા પર ઉતરે છે.

ઈમરાને પોતાની આખી કારકિર્દીમાં જનસમૂહને આનાથી વધુ આકર્ષે તેવું અને આક્રમક પાત્ર ક્યારેય ભજવ્યું નથી. દર 15-20 મિનિટે આવતા તેના અત્યંત આક્રમક અને મારધાડવાળા 8/28/2026 3:27:23 PMદ્રશ્યો આંતરરાષ્ટ્રીય સ્તરના સિનેમાની યાદ અપાવે છે. ફિલ્મમાં કોઈ અશ્લીલ દ્રશ્યો રાખવામાં આવ્યા નથી, જેના કારણે આ હિંસક સિનેમા હોવા છતાં સમગ્ર પરિવાર સાથે જોઈ શકાય તેવી બની છે. ફિલ્મની અમુક મર્યાદાઓ પણ સ્પષ્ટપણે વર્તાય છે. પ્રથમ ભાગની સરખામણીએ બીજા ભાગમાં સંવાદ લેખન એટલું યાદગાર કે અસરકારક નથી. ફિલ્મનો મધ્ય ભાગ થોડો ખેંચાતો અનુભવાય છે.

આમ છતાં કલાકારોનો ઉત્કૃષ્ટ અભિનય, ઉત્તેજનાપૂર્ણ માહોલ અને જૂની યાદોના કારણે મોટાભાગના વિવેચકોએ આ ફિલ્મને 5 માંથી 4 સ્ટારનું ઊંચું મૂલ્યાંકન આપ્યું હતું. તેની સાથે રજૂ થયેલી સની દેઓલ અને પ્રિટી ઝિંટાની ‘બંટવારા ૧૯૪૭’ને માંડ 2.5 સ્ટાર મળ્યા હતા. અને પ્રથમ દિવસે માત્ર રૂ.5 કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મ એક એવી કૃતિ છે જેને બોક્સ ઓફિસની કમાણીના આંકડાઓ કરતાં તેના ઉદ્દેશ્ય, નૈતિકતા અને સન્માનના આધારે વધુ મૂલવવામાં આવશે. સની દેઓલે પોતાની પરંપરાગત આક્રમક હીરોગીરીની છાપ બાજુ પર મૂકીને એક અર્થપૂર્ણ વાર્તા પસંદ કરવાની જે હિંમત દર્શાવી છે, તે માટે ચલચિત્ર ઉદ્યોગમાં આ પ્રયાસને હંમેશા આદરપૂર્વક યાદ રાખવામાં આવશે. જોકે, ફિલ્મમાં કેટલીક ખામીઓ જોવા મળે છે. સ્ક્રીનપ્લે થોડો જૂની શૈલીનો લાગતો હોવાથી તે વર્તમાન સમયના દર્શકોને પૂરતો આકર્ષી શક્યો નથી. સનીના પુત્ર કરણ દેઓલની પસંદગી બિનજરૂરી અને નબળી જણાય છે. વિલન પાત્રોની બાબતમાં પણ રાજકુમાર સંતોષીની જૂની ફિલ્મો જેવો દમ જોવા મળતો નથી. જેના કારણે મુખ્ય હીરોનો સંઘર્ષ ઉભરીને આવતો નથી અને ખલનાયક પાત્રો અત્યંત ફિક્કા અને નબળા સાબિત થાય છે.

### ઓટોગ્રાફ !

શાહરૂખ, રણબીર અને રણવીર જેવા બોલિવૂડના સૌથી મોટા સુપરસ્ટાર્સના ઓપનિંગ ડે ક્રેઝને પછાડીને યશની ‘ટોક્સિક’એડવાન્સ બુકિંગમાં આગળ વધી ગઈ છે. (બોલિવૂડના નિર્દેશકો હવે સ્ક્રિપ્ટની ચર્ચામાં હીરોને સીધું જ કહેશે કે ‘ભાઈ, એક્ટિંગ થોડી ઓછી કરશો તો ચાલશે પણ પહેલા 24 કલાકમાં ૨ લાખ ટિકિટ વેચાય તેવો ક્રેઝ ક્યાંથી લાવશો એ કહો!)

# સંસારીઓ, દુ:ખને કહો ખબરદાર..!




કોણ જાણે શાથી મનોજને એવું લાગી રહ્યું હતું કે ઘરમાં કંઈક છૂપું રંધાઈ રહ્યું છે. થોડો વધુ વૈચારિક વ્યાયામ કર્યો તો એને યાદ આવ્યું કે એની પત્ની માયા ખુદથી કોઈ વાત અંત સુધી છુપાવી શકે છે ખરી, પણ મમ્મી માટે એ શક્ય નથી. બલકે, ઘણી વાર એવું બન્યું છે કે કોઈ છૂપી વાત (માયા ન જાણે એ રીતે) મમ્મીએ મનોજને કહી દીધી હોય. એક દિવસ એવું બન્યું કે અડધી રાત્રે મનોજની આંખો ખૂલી ગઈ. જોયું તો માયા બાજુમાં ન હતી. રૂમમાંથી બહાર નીકળી એણે મમ્મીના રૂમ તરફ નજર કરી તો મમ્મીના રૂમની લાઈટ ચાલુ હતી. નજીક જઈ અધખુલ્લા દરવાજામાંથી અંદર નજર કરી તો મમ્મી રડી રહ્યાં હતાં અને માયા તેમને આશ્વાસન આપી રહી હતી.

મનોજને ખૂબ ગુસ્સો આવ્યો. એક ક્ષણ એ ત્યાં જ ઊભો રહીને વિચારવા લાગ્યો, “આ લોકો કેમ આવું

**મમ્મીજી, વચન ન આપી શકું, પણ આ ઘરની ખુશી પાછી આવશે, આપણે બધાં સાથે મળીને ઘરને ‘સ્વીટ હોમ’ બનાવીશું**

કરે છે? જે કંઈ હોય તે મને ન જણાવવું જોઈએ? કોઈ ગંભીર સમસ્યા હોય તો તે વિકસીને અંતે ન ઉકેલી શકાય એવી સ્થિતિમાં આવી જાય ત્યાં સુધી મારાથી બધું છુપાવવાનો શો અર્થ?”

દરવાજો ખૂલ્યો. માયા બાથરૂમમાંથી બહાર આવી બેડરૂમમાં ગઈ. મનોજના ચિત્તમાં ક્રોધનું કાઉન્ટડાઉન થઈ રહ્યું હતું. ક્રોધની સુરંગ પર એ હાથ દબાવવા જતો હતો ત્યાં એણે એકસાથે બે નવા આશ્ચર્યનો સામનો કરવાનો આવ્યો. રૂમમાંથી બહાર આવેલી માયા સુંદર સાડીમાં સજ્જ હતી અને એના ચહેરા પર મધુર સ્મિત હતું. એ બોલી: “મનોજ, હિન્દી ફિલ્મોની નાયિકાની



જેમ હું અત્યારે એમ નહીં પૂછું કે-‘ઈસ સાડીમેં મૈં કૈસી લગ રહી હૂં?’ મારે એ કહેવું છે કે તમારી અને મમ્મીની ખાસ પ્રિય આઈટમ કાજુ-બદામવાળી બાસુંદી હું પોતે બનાવવાની છું. સાંજે ઓફિસેથી વહેલા આવજો! આવશો ને?”

અચાનક પલટાઈ ગયેલું હવામાન જોઈને મનોજે પહેલું કામ ક્રોધની સુરંગ પરથી હાથ હટાવી લેવાનું કર્યું. એ આશ્ચર્યપૂર્વક માયાના બદલાયેલા તેવર તથા વેશભૂષાને નિરખી રહ્યો. એમાંથી એને એક કડી હાથ લાગી. એને લાગ્યું કે કોઈ સમસ્યા હોય એવું તો લાગતું નથી. એ કંઈ પૂછે એ પહેલાં મનોજ અને મંગળાબેન પ્રશ્નાર્થ મુખમુદ્રા સાથે માયાને જોઈ રહ્યાં હતાં.

મંગળાબેને પૂછ્યું: “તમે બન્ને ક્યાંક બહાર જઈ રહ્યાં છો?” મનોજને બદલે માયાએ જવાબ આપ્યો: “મમ્મીજી, બહાર કોઈ જઈ નથી રહ્યું; બહારથી કોઈ આવી રહ્યું છે. બસ, થોડી મિનિટ રાહ જુઓ!”

માયાના શબ્દોના પડઘા હજી શમ્યા નહોતા ત્યાં ડોરબેલ વાગી. જોયું તો દિલીપ અને વિશાખા (ભાઈ-ભાભી) સામે ઊભાં હતાં. હાથમાં બેગ વગેરે પણ હતાં. વિશાખા માયાને હેતથી વળગી અને બોલી: “ભાભી, પહેલા પ્રણામ તમને!”

મંગળાબેન તરફ આગળ વધતાં એ ગંભીર બની ગઈ. એમના પગમાં પડતાં રોઈ પડી: “મમ્મી, મારા ભાડાના ઘરમાં માથે છત હતી, પતિનો સાથ પણ હતો, પરંતુ સાસુમાનાં આશીર્વાદ નહોતા. ત્યાં બધું હતું, પણ માયાભાભીનો પ્રેમ નહોતો. મનોજભાઈની છત્રછાયા નહોતી. અમે સ્વતંત્ર હતાં, પણ સુખી નહોતાં!” અને બાકીના શબ્દો આંસુ બની ગાલ પર રેલાઈ ગયા. એ આંસુનો અનુવાદ કંઈક આવો થતો હતો: “મમ્મી, અમારી ભૂલ થઈ હતી. હવે અમે નોખું ઘર માંડવાની જીદ કદી નહીં લઈએ!”

મંગળાબેને દીકરા-વહુ બન્નેને છાતીસરસા ચાંપ્યાં અને કહ્યું: “હુંય તમને રોજ યાદ કરતી હતી. દિવસો જતા હતા અને એમ વિચારીને મારો જીવ કપાતો હતો કે-જીવતે જીવત દીકરા-વહુ અલગ થઈ ગયાં!”

“અમને પણ ભાડાના ઘરમાં સતત વિચાર આવતો હતો કે મમ્મી અને ભાઈ વિના ભાડાના ઘરમાં જીવી કેવી રીતે શકાશે? પાછા આ જૂના ઘરમાં આવી જવાનો વિચાર કર્યો. પણ તેની સાથે જ બીજો વિચાર આવ્યો કે લડ્યા તો નહોતા, છતાં દિલમાં મૂંઝવણ હતી: ‘પાછા જઈએ તો ખરાં, પણ મમ્મીજી કેવો પ્રતિભાવ આપશે?’ “પણ મારી ચિંતા તે રાત્રે જ દૂર થઈ ગઈ. રાત્રે હું મમ્મીજીના ઓરડામાં ગઈ અને તેમને અંતરની બધી મૂંઝવણ કહી. મમ્મીજી પણ અમને બન્નેને યાદ કરીને રડતાં હતાં. મેં તેમને કહ્યું: ‘મમ્મીજી, વચન ન આપી શકું, પણ આ ઘરની ખુશી પાછી આવશે, આપણે બધાં સાથે મળીને ઘરને ‘સ્વીટ હોમ’ બનાવીશું.’ અને મેં તેમના પુન:પ્રવેશ માટે આજનો દિવસ નક્કી કર્યો. પરિણામે, આ ઘરની કિલ્લોલતી વાડીમાં તેઓ પાછા ફર્યા. “એક બીજું પણ સરપ્રાઈઝ આપી દઉં. ભાઈ-ભાભીના પુનરાગમનની ખુશીમાં મેં આજે ઘરમાં સૌને નિમંત્રણ આપ્યું છે. બીના બહેન અને કલ્પેશભાઈ પણ આવવાના છે. ગિરીશ અને ગૌરી પણ આવશે. સૌ સાથે મળીને ભોજન કરીશું અને નવા મહેમાન (મારા પ્રથમ સંતાન)ની ખુશી પણ સૌ સાથે મળીને ઉજવીશું!”

મનોજના મગજમાંથી ક્રોધની હવા નીકળી ગઈ હતી. તેણે જરા વિચારમાં પડીને કહ્યું: “માયા, તું આટલા લાંબા સમયથી આ બધું એકલે હાથે ટૅકલ કરી રહી હતી? મને જાણ કરી હોત તો તારે આટલો માનસિક પરિશ્રમ ન વેઠવો પડ્યો હોત! થોડા દિવસ પહેલાં મેં તારા કબાટમાં ગાયનેકોલોજિસ્ટ ડૉ. ભૂષણ ભરૂચાનું પ્રિસ્ક્રિપ્શન જોયું ત્યારે હું ખૂબ ચિંતામાં પડી ગયો હતો.” ડૉ. ભૂષણ ભરૂચાનું નામ પડતાં શરૂઆતમાં દિલીપભાઈ અને વિશાખા પણ ચિંતામાં પડી ગયાં હતાં. પણ એ ડૉક્ટરને કારણે જ આપણા સંસારની લીલી વાડીમાં આજે સુખનો સૂર્યોદય થઈ શક્યો છે.

### ધૂપછાંવ

*મંગળાબેને માયાનો હાથ ઝાલી પોતાની પાસે ખેંચ્યો અને સ્મિતપૂર્વક બોલ્યાં: “વહુબેટા, તું પોતે સુખનો સૂરજ છે. હું પણ મનોમન તારા બાળકનો ઈંતેજાર કરી રહી હતી. તું મારા ઘરમાં લક્ષ્મીનો અવતાર થઈને આવી છે, બેટા. ઘરની દરેક ઈંટ તારી ઋણી છે. તું આ ઘરની વહુ નહીં, સાચી સંસારલક્ષ્મી છે. એટલી જ પ્રાર્થના કરીએ કે ભગવાન સૌને તારા જેવી ગુણવાન વહુ આપે!”*